કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના તાલીમ વર્ગ માટે ગુજરાતના યુવાધનને પ્રશિક્ષણ/ તાલીમ આપવાની યોજના અંતર્ગત પ્રોત્સાહનની રકમમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક: વતભ-૧૪૨૦૧૫/૧૩૫/વસુતાપ્ર-૩

ઈ-ફાઈલ ક્ર : **GAD/AEW/e-file/1/2022/3296/ARTD3**

સચિવાલય, ગાંધીનગર

તારીખ: તા. ૨૪/૦૬/૨૦૨૬

વંચાણે લીધા:

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૦૭.૦૯.૯૨ નો ઠરાવ ક્રમાંક: વતભ-૧૦૯૧/ ૨૬૪૦/વસુતાપ્ર - ૭

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૯.૦૯.૦૯નો ઠરાવ ક્રમાંક: વતભ: ૧૫૨૦૦૮ /૧૪૮૫૯૨/ વસુતાપ્ર-૩

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭.૧૦.૧૫ નો ઠરાવ ક્રમાંક : વતભ -૧૪૨૦૧૫- ૧૩૬ - વસુતાપ્ર-૩

(૪) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭.૦૯.૧૬, તા.૦૧.૦૪.૧૭ અને તા.૦૬.૦૮.૧૮ ના સમાંનાંકી ઠરાવ

(૫) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા અમદાવાદનો તારીખ ૧૬.૦૬.૨૦૨૦૫નો પત્ર ક્રમાંક : **SPIPA/AWO/e-file/138/2025/0244/Study Centre**

<u>આમુખ:-</u>

કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષામાં ગુજરાતનું પ્રતિભાશાળી યુવાધન ભાગ લઈને સ્પર્ધામાં ઉત્તિર્ણ થાય તેટલા સક્ષમ બનાવવાના ઉમદા હેતુ સાથે સરકારશ્રી દ્વારા સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે ઉચ્ચ કક્ષાની

તાલીમ આપવા માટેની યોજના વચાણે લીધેલ ક્રમાક (૧)ના તારીખ ૦૭.૦૯.૧૯૯૨ ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ અને આ યોજનામાં વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના તારીખ ૦૯.૦૯.૨૦૦૯ના ઠરાવથી સુધારો કરી નવેસરથી આ યોજના બહાર પાડેલ હતી. જેમાં વંચાણે લીધેલ ક્રમાંક ૪ ના સામાંનાંકી ઠરાવોથી આ યોજનામાં સમયાંતરે જરુરી સુધારા કરવામાં આવેલ હતા. વંચાણે લીધેલ ક્રમાંક (૫)ના પત્રથી સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ દ્વારા કરાયેલ દરખાસ્ત અન્વયે, સ્પીપા, અમદાવાદ તેમજ તેના હસ્તકના તાલીમ કેન્દ્રોમાં ચાલતા કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના તાલીમ વર્ગ માટે ગુજરાતના યુવાધનને આપવામાં આવતા પ્રોત્સાહનની રકમમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે સ્પીપા, અમદાવાદ તેમજ તેના હસ્તકના તાલીમ કેન્દ્રોમાં ચાલતા કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના તાલીમ વર્ગ માટે ગુજરાતના યુવાધનને આપવામાં આવતા પ્રોત્સાહનની રકમમાં વધારો કરી નીચે મુજબના સુધારેલ દરો અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે:-

ક્રમ	વિગત	સ્પીપાના તાલીમાર્થી યુવક/ યુવતીઓ માટે પ્રોત્સાહન	સ્વપ્રયત્ને તૈયારી કરીને પરીક્ષા આપતા યુવક/ યુવતીઓને પ્રોત્સાહન
૧	સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ અને તેના હસ્તકના તાલીમ કેન્દ્રોમાં ચાલતા કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના પ્રિલિમ પરીક્ષાના તાલીમવર્ગમાં પ્રવેશ મેળવતા તમામ યુવક/ યુવતીઓ	પ્રતિમાસ રૂ. ૪,૦૦૦/- (રૂપિયા ચાર હજાર) (વધુમાં વધુ સાત માસ સુધી અથવા યુ.પી.એસ.સી. દ્વારા અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા લેવાય ત્યાં સુધી આ બે માંથી જે ઓછું હોય તે)	------

૨	પ્રિલિમ પરીક્ષા પાસ કરે ત્યારે	* **<u>યુવક</u>** – રૂ. ૩૫,૦૦૦/- * **<u>યુવતી</u>** – રૂ. ૫૦,૦૦૦/- *(આ કોષ્ટકના ક્રમાંક-૧ મુજબ જે સ્ટાઈપેન્ડ ચુકવેલ હોય તે રકમ બાદ કરીને બાકીના સ્ટાઈપેન્ડની રકમ પ્રોત્સાહન રૂપે ચુકવવાની રહેશે.)	યુવક – રૂ. ૩૫,૦૦૦/- યુવતી – રૂ.૫૦,૦૦૦/-
૩	મુખ્ય પરીક્ષા પાસ કરે ત્યારે	યુવક – રૂ. ૪૫,૦૦૦/- યુવતી– રૂ.૫૫,૦૦૦/-	યુવક – રૂ. ૪૫,૦૦૦/- યુવતી – રૂ. ૫૫,૦૦૦/-
૪	આખરી પસંદગી થયેથી	યુવક – રૂ. ૭૫,૦૦૦/- યુવતી– રૂ. ૧,૦૦,૦૦૦/-	યુવક – રૂ. ૭૫,૦૦૦/- યુવતી – રૂ. ૧,૦૦,૦૦૦/-
કુલ		યુવક – રૂ. ૧,૫૫,૦૦૦/- યુવતી – રૂ. ૨,૦૫,૦૦૦/-	યુવક – રૂ. ૧,૫૫,૦૦૦/- યુવતી – રૂ. ૨,૦૫,૦૦૦/-
ગુજરાત રાજ્યના ડોમિસાઈલ ન હોય (**Do not have domicile**) પરંતુ, ગુજરાત રાજ્યમાં અભ્યાસ/નોકરી કરતા હોય અને સંસ્થાના યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસીઝ પરીક્ષાના પર્સનાલીટી ટેસ્ટ (ઇન્ટરવ્યુ)ના તાલીમ વર્ગમાં જોડાયેલ હોય તેવા ઉમેદવારો			
૫	આખરી પસંદગી થયેથી ગુજરાતના ડોમિસાઈલ ના હોય (**Do not have domicile**) તેવા તમામ યુવક/ યુવતીઓ	યુવક – રૂ ૨૫,૦૦૦/- યુવતી – રૂ ૩૫,૦૦૦/-	----- -----

૪. ઉક્ત પ્રોત્સાહન સહાયના દરો સિવાય વંચાણે લીધેલ ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૧૯.૦૫.૨૦૨૫ અને સરકારશ્રીની તા. ૨૦.૦૬.૨૦૨૬ નોંધથી મળેલ સંમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાજેન્દ્રસિંહ રાઠોડ)
સરકારના નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, લોક ભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકારશ્રી/સલાહકારશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી/અધિક અગ્ર સચિવશ્રી/અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો. (તેમના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાઓ / ખાતાના વડા હેઠળની કચેરીઓના ધ્યાને લાવવાની વિનંતી સહ).
- મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા(સ્પીપા), અમદાવાદ, જરુરી કાર્યવાહી સારુ.
- સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા(સ્પીપા), અમદાવાદ હેઠળના તમામ પ્રાદેશિક તાલીમ કેન્દ્રો (મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા(સ્પીપા), અમદાવાદ મારફત).

-+ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
-+ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ. ગાંધીનગર
-+ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
-+ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
-+ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર
-+ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ

- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ ગાંધીનગર
- સીસ્ટમ મેનેજરશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, વેબસાઈટ પર જરૂરી પ્રસિદ્ધિ અર્થે.
- નાયબ સેકશન અધિકારી – સીલેક્ટ ફાઈલ.
- શાખા સીલેક્ટ ફાઈલ.

\+ પત્ર દ્વારા

Signature Not Verified

Signed by:RajendraSinh Rathod
Deputy Secretary
Date:2026.06.24
17:36:34 +5:30

File No: GAD/AEW/e-file/1/2022/3296/ARTD3 - Section
Approved By: Deputy Secretary,ARTD3 - Section,GAD
Open the document in Adobe Acrobat DC to verify the E-sign